સને.૨૦૧૪–૨૦૧૫ના વર્ષની ચાલુ બાબત.
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળના
નવા રચાયેલા સાત જિલ્લામાં બોટાદ,મોરબી
દ્વારકા,સોમનાથ (ગીર), અરવલ્લી,છોટા ઉદેપુર
અને મહીસાગર જીલ્લામાં સમાજ કલ્યાણ
અધિકારીશ્રી (વર્ગ.૨) ની નવી કચેરી શરુ કરવા
માટેની વર્ગ.૩ની જગ્યાઓ મંજૂર કરવા અંગેની
વહિવટી મંજુરી.

---

જિલ્લા દીઠ ત્રણ લેખે કુલ.૨૧ જગ્યાઓ નવી મંજૂર
કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ– મકમ/૧૦૨૦૧૩/ન.બા.૭૬૩૭૧૨/જ
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ–૩ /૩/૨૦૧૫

વંચાણે લીધા :–

(૧) આ વિભાગનાં તા.૭/૯/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ–મકમ/૧૦૨૦૧૨/૭૫૮૪૫૭/જ.

(૨) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા.૧૨/૧૧/૨૦૧૩ નો પત્રાંકઃ– અજાક મકમ/નબા.૨/૭૭૧૮૧૯/૨૦૧૨/ક. ત્થા તા.૧૯/૫/૧૪નો પત્રાંકઃ–અજાક/મકમ/૨/ ન.બા.૧૫૦૮/૧૦૧૪/ક ત્થા તા.૧/૧૧/૧૪ નો પત્રાંકઃ–અજાક/મકમ/૪/૪૬૯૨/ ૨૦૧૪/ક ત્થા તા.૪/૨/૧૫નો પત્રાંકઃ–અજાક/મકમ/૪/૩૨૭/૨૦૧૫/ક

આમુખ :–

આ વિભાગનાં ક્રમ (૧) પરના તા.૭/૯/૧૩ના ઠરાવથી તાજેતરમાં નવા રચાયેલા સાત જીલ્લાઓ, બોટાદ, મોરબી દ્વારકા, સોમનાથ (ગીર) અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જીલ્લામાં, જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની નવી કચેરી શરૂ કરવા માટે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી વર્ગ.૨ની સાત જગ્યા (જીલ્લા દીઠ એક લેખે ) નવી ઉભી કરવાની સને.૨૦૧૩–૨૦૧૪ ના વર્ષની નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનાં ક્રમ.(૨) માં દર્શાવેલ પત્રો અન્વયે, આ ખાતા હેઠળ હાલમાં નવા રચાયેલા સાત જીલ્લા બોટાદ, મોરબી, દ્વારકા, સોમનાથ (ગીર) અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જીલ્લામાં જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીની નવી કચેરી શરૂ કરવા માટે વર્ગ.૩નું મહેકમ મંજુર કરવા માટે સને.૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેની નવી બાબત તરીકે રજૂ કરવામાં આવેલ હતી.

નવા રચાયેલા સાત જિલ્લામાં જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ.૨) ની કચેરી શરૂ કરવા માટે વર્ષ.૨૦૧૩–૧૪માં રજુ થયેલ નવી બાબતમાં વર્ગ.૨ની સાથે વર્ગ.૩ની જગ્યાઓ મંજૂર થયેલ અને નાંણાકીય જોગવાઈ થયેલ હોવા છતાં વર્ગ.૩ની જગ્યાઓની (સમાજ કલ્યાણ નિરીક્ષક,સીનીયર કલાર્ક,જુનીયર કલાર્ક) વહિવટી મંજૂરી મળેલ ન હતી.

વર્ગ.૩ની સેવાઓની વહિવટી મંજૂરી માટે વર્ષ.૨૦૧૪–૧૫માં રૂા.૬૩.૫૧ લાખની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.જેને માન.મંત્રીશ્રી (સા.ન્યા) એ સૈધ્ધાંતિક મંજૂરી આપેલ હતી પરંતુ નાણાં વિભાગ ધ્વારા વર્ષ.૨૦૧૪–૧૫ની નવી બાબત પડતી મુકવા જણાવેલ પરંતુ નવી સેવાઓ માટેની નાંણાકીય જોગવાઈ વર્ષ.૨૦૧૩–૧૪ માં થયેલ હોય પરંતુ ફકત વહિવટી મંજૂરી મેળવવાની બાકી હોય તેવી નવી સેવાઓની વર્ષ.૨૦૧૪–૧૫માં **<u>ચાલુ બાબત તરીકે</u>** વહિવટી મંજૂરી મેળવવા નાંણા વિભાગે સૂચવેલ હોવાથી નિયામકશ્રીએ તદનુસાર દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ :–</u>

નિયામકશ્રીની ઉકત દરખાસ્ત પરત્વે, પુખ્ય વિચારણાને અંતે નવા રચાયેલા સાત જિલ્લા બોટાદ,મોરબી,દ્રારકા,સોમનાથ (ગીર),અરવલ્લી,છોટા ઉદેપુર અને મહીસાગર જિલ્લામાં નીચે મુજબની વર્ગ.૩ની (જિલ્લા દીઠ એક લેખે) કુલ.૨૧ જગ્યાઓનું મહેકમ ઉભુ કરવાની નીચેની શરતોને અધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ અને વર્ગ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ.૩) | ૭ |
| ૨ | સીનીયર કલાર્ક (વર્ગ.૩) | ૭ |
| ૩ | જુનિયર કલાર્ક (વર્ગ.૩) | ૭ |
| | | કુલ.૨૧ |

(૧) વર્ષ.૨૦૧૪–૧૫ની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ બાબત તરીકે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાંણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ત્થા સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ત્થા તા.૧૦/૫/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ભરવાની રહેશે.

(૬) જે તે જગ્યાઓના પગાર ધોરણો આ.ઓ.પી.૨૦૦૯ પ્રમાણે છે કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી નિયામકશ્રીની રહેશે.

(૭) સીધી ભરતીથી નિમણૂંક પામનારા ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ– નપન/૨૦૦૩/ જી.ઓ.આઈ/૧૦/પી તથા તા.૨૭/૯/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ– નપન/૨૦૦૩/જી.ઓ.આઈ./૧૦/પા.ફા/પી જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર ધ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે તથા આ અંગેના વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણૂંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે બેંકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રીમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે.

(૯) આ જગ્યાઓ પરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો/નીતિઓની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની સમય મર્યાદામાં રહીને જે તે નાણાંકીય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજય સરકારના વખતો વખતના નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપીએ ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો આ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૧૫) વર્ષના અંતે કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૬) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૩/૨૦૧૫ પહેલા જ કરવાનું રહેશે.

(૧૭) ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે. માંગણી નં.૯૫ પ્લાન, મુખ્ય સદર– ૨૨૨૫ અનુસુચિત જાતિઓ,અનુસુચિત આદિજાતિ અને પછાવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર–૦૧ અનુસુચિત જાતિઓનું કલ્યાણ,ગૌણ સદર–૦૦૧

નિર્દેશ વહિવટ પેટા સદર-(૦૫) બી.સી.કે.૬૬-અનુસુચિત જાતિ,પેટા યોજના ખાસ કેન્દ્રીય સહાય ખાસ અંગભૂત યોજના માટે કર્મચારી વર્ગનું સંખ્યાબળ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૪/૨/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.

(૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૪) એકાઉન્ટ જનરલ,ગુજરાત રાજય.અમદાવાદ/રાજકોટ

(૫) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૬) નાણાં સલાહકારશ્રી,(સા.ન્યાય),સચિવાલય,ગાંધીનગર.

(૭) સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી (નિયામકશ્રી,અ.જા.ક મારફતે)

(૮) સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (જી.પં.) (નિયામકશ્રી,અ.જા.ક મારફતે)

(૯) બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૧૦) સિલેકટ ફાઈલ.

RAJ2-13-16